# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19.01.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

*****************************************************

1) અમેરિકાના રાષ્ટ્રપ્રમુખે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ગાઝામાં કાયમી શાંતિ લાવવા કાર્યરત "બોર્ડ ઓફ પીસ"માં જોડાવવા આમંત્રણ આપ્યું.

2) ભારતીય પ્રતિનિધિમંડળની ઉપસ્થિતિમાં સ્વિટ્ઝર્લૅન્ડના દાવોસ ખાતે આજથી વિશ્વ આર્થિક મંચની બેઠક

3) UAEના રાષ્ટ્રપ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન આજથી ભારતની સત્તાવાર મુલાકાતે

4) છત્તીસગઢમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં 4 મહિલા સહિત છ માઓવાદીના મોત.

5) ચિલીના જંગલમાં ભીષણ આગ ફાટી નીકળતા 18ના, જ્યારે સ્પેનમાં ટ્રેન અકસ્માતમાં 21ના મોત

....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# TRUMP- MODI

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ગાઝામાં કાયમી શાંતિ લાવવા કાર્યરત "બોર્ડ ઓફ પીસ"નો ભાગ બનવા આમંત્રણ આપ્યું છે.

આ સંદર્ભમાં શ્રી ટ્રમ્પે પ્રધાનમંત્રીને એક પત્ર મોકલ્યો છે. પોતાના પત્રમાં, શ્રી ટ્રમ્પે કહ્યું કે, મધ્ય પૂર્વમાં શાંતિને મજબૂત બનાવવા અને વૈશ્વિક સંઘર્ષના ઉકેલ માટે એક નવો સાહસિક અભિગમ અપનાવવા માટે શ્રી મોદીને આમંત્રણ સન્માનની વાત છે.

પત્રમાં શ્રી ટ્રમ્પે ગાઝા સંઘર્ષને સમાપ્ત કરવા માટે વ્યાપક યોજના અંગે પણ વાત કરી છે. ઉલ્લેખનીય છે કે, ગાઝા પટ્ટીમાં ઇઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ કરારના બીજા તબક્કાના ભાગ રૂપે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખે આ બોર્ડ કાર્યરત કર્યું છે.

# WORLD ECONOMIC FORUM

સ્વિટ્ઝર્લૅન્ડના દાવોસ ખાતે આજથી વિશ્વ આર્થિક મંચની બેઠક શરૂ થશે. ૫૬મી વાર્ષિક બેઠકમાં ત્રણ હજારથી વધુ વૈશ્વિક નેતાઓ ભાગ લઈ રહ્યા છે.

આ અંગે સાંભળીએ અમારા સંવાદદાતા જયા ભારતીનો અહેવાલ....

## V/C: JAYA-BHARTI

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ આ બેઠકમાં ભાગ લેવા દાવોસ જઈ રહ્યા છે. બેઠકમાં 'વિકસિત ગુજરાત'નો રોડમેપ અને મજબૂત ઇન્ડસ્ટ્રિયલ લેગેસી રજૂ કરાશે તેમ શ્રી સંઘવીએ જણાવ્યું હતું.

**BYTE: HARSH SANGHVI**

## GOVT-VB-G-RAM-G

વિક્સિત ભારત- રોજગાર અને આજીવિકા ગેરંટી મિશન (ગ્રામીણ) અધિનિયમ અંગેના ભ્રામક દાવાઓનું સરકારે ખંડન કર્યું છે. કાયદા અંગે વિપક્ષની ટીકાને ખોટી અને ભ્રામક ગણાવતા, સરકારે જણાવ્યું કે, આ કાયદો દરેક ગ્રામીણ પરિવાર માટે ઓછામાં ઓછા 125 દિવસની રોજગારી સુનિશ્ચિત કરે છે. સરકારે જણાવ્યું કે, કામ કરવાના અધિકારને નકારી કાઢવાના દાવાઓ રાજકીય રીતે પ્રેરિત છે.

આ કાયદામાં 15 દિવસની અંદર રોજગાર પૂરો પાડવાની જોગવાઇ છે. કામ ન મળવા પર બેરોજગારી ભથ્થું ફરજિયાત કરાયુ છે.

વેતન અંગે, સરકારે જણાવ્યું કે આ કાયદામાં સ્પષ્ટપણે જોગવાઈ છે કે યોજના હેઠળ કામ કરતા દરેક વ્યક્તિ દરેક દિવસના કામ માટે સૂચિત વેતન દરે વેતન મેળવવા માટે હકદાર છે.

# RAJNATH SINGH-SELF RELIANT

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે, ભારતનો મુખ્ય ઉદ્દેશ્ય સંરક્ષણ ઉત્પાદનમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવાનો છે. નાગપુરના કોંધાલી ખાતે એક કાર્યક્રમમાં સંબોધન કરતાં આ મુજબ જણાવ્યું હતું.

આ પ્રસંગે પિનાકા ગાઇડેડ રોકેટની પ્રથમ ઉત્પાદન ખેપને રવાના કરવામાં આવી હતી. શ્રી સિંહે જણાવ્યું કે, ઘણા દેશોએ વિકસિત પિનાકા મિસાઇલો ખરીદવામાં રસ દાખવ્યો છે. તેમણે ઉમેર્યું કે આવી સિદ્ધિઓ ભારતના સંરક્ષણ ઉદ્યોગની શક્તિને ઉજાગર કરે છે અને દેશની નિકાસ ક્ષમતાને વેગ આપે છે.

# BJP-PRESIDENT ELECTION

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી માટે આજે ઉમેદવારી પત્રક ભરાશે. ચૂંટણી અધિકારી કે. લક્ષ્મણ દ્વારા જાહેર કરાયેલા મતદાન કાર્યક્રમ મુજબ, બપોરે 2 થી 4 વાગ્યા સુધી ઉમેદવારીપત્રક ભરી શકાશે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા નવી દિલ્હી સ્થિત પાર્ટી મુખ્યાલયમાં યોજાશે.

ઉમેદવારી પત્રોની ચકાસણી સાંજે 4 થી 5 વાગ્યા દરમિયાન કરાશે, ત્યારબાદ ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની પ્રક્રિયા શરૂ થશે, જે આજે સાંજે 6 વાગ્યા સુધી ચાલશે. ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા પૂર્ણ થયા પછી, જો જરૂર પડે તો, આવતીકાલે મતદાન યોજાશે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગી પક્ષની રાષ્ટ્રીય પરિષદ અને રાજ્ય પરિષદના પ્રતિનિધિઓ ધરાવતી ચૂંટણી મંડળ દ્વારા કરવામાં આવે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## UAE PRESIDENT INDIA VISIT

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આમંત્રણ પર સંયુક્ત આરબ અમીરાત-UAE ના રાષ્ટ્રપ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન આજથી ભારતની સત્તાવાર મુલાકાતે આવશે.**

**તેઓ પ્રધાનમંત્રી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. જેમાં પશ્ચિમ એશિયામાં વિકાસ સહિત પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓને પણ આવરી લેવાય તેવી અપેક્ષા છે.**

**આ મુલાકાત ભારત- UAE વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ આગળ વધારવા અને પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરવાની તક પૂરી પાડશે.**

# CHHATTISGARH-ENCOUNTER

છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ચાર મહિલા સહિત છ માઓવાદીઓ માર્યા ગયા છે. ચાર માઓવાદીની ઓળખ થઈ ચૂકી છે જ્યારે બાકીના બે ની ઓળખ પ્રક્રિયા ચાલી રહી છે.

અધિકારીઓએ પુષ્ટિ કરી કે માઓવાદી દિલીપ બેડજા લાંબા સમયથી ઇન્દ્રાવતી રિઝર્વ અને રાષ્ટ્રીય ઉદ્યાન વિસ્તારોમાં સક્રિય હતો અને રાજ્ય વિરુદ્ધ હિંસક અભિયાન ચલાવી રહ્યો હતો. અથડામણ સ્થળેથી બે AK-47 રાઇફલ સહિત મોટી માત્રામાં શસ્ત્રો પણ મળી આવ્યા છે.

મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાંઈએ માઓવાદીઓને હિંસા છોડીને મુખ્ય પ્રવાહમાં જોડાવા અપીલ કરી છે.

# J&K-ENCOUNTER

જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડમાં આતંકવાદીઓ સાથેના ગોળીબારમાં સેનાના આઠ જવાનો ઘાયલ થયા છે. ઘાયલ સૈનિકોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

પાકિસ્તાન સ્થિત જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલા આતંકવાદીઓને શોધી કાઢવા તપાસ અભિયાન ચાલી રહ્યું છે. કામગીરીને ઝડપી બનાવવા માટે ડ્રોન અને સ્નિફર ડોગ્સ સહિતના અદ્યતન સાધનો તૈનાત કરવામાં આવ્યા છે. સેનાના જમ્મુ સ્થિત વ્હાઇટ નાઈટ કોર્પ્સ દ્વારા આ અભિયાન ગઈકાલે બપોરે શરૂ કરાયું હતું.

# BOOK FAIR-CONCLUSION

દિલ્હીમાં 53મો વિશ્વ પુસ્તક મેળો ગઇકાલે સંપન્ન થયો. નેશનલ બુક ટ્રસ્ટ દ્વારા આયોજિત, નવ દિવસીય પુસ્તક મેળામાં ૩૫થી વધુ દેશોના એક હજારથી વધુ પ્રકાશકોએ ભાગ લીધો હતો.

પ્રસ્તુત છે એક અહેવાલ...

**V/C: SAKLEN BOOK FAIR**

# REV.NT-CHILE-WILDFIRE

ચિલીમાં દક્ષિણ અને મધ્યના વિસ્તારોના જંગલમાં ભીષણ આગ ફાટી નીકળવાથી 18ના મોત થયા છે. જ્યારે 20 હજારથી વધુ લોકોનું સ્થળાંતર કરાયું છે. ચિલીના રાષ્ટ્રપ્રમુખ ગેબ્રિયલ બોરિકે દેશના મધ્ય બાયોબાયો અને ન્યુબલ પ્રદેશમાં આપત્તિજનક સ્થિતિ જાહેર કરી છે.

આગથી જંગલની જમીનનો નાશ થયો છે અને લગભગ ત્રણ હજાર ઘરો જોખમમાં મુકાયા છે. આગ ઇન્દુરા ગેસ પ્લાન્ટ સુધી પહોંચશે તો મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે.

# SPAIN TRAIN COLLISION

દક્ષિણ સ્પેનમાં ગઈકાલે બે હાઇ સ્પીડ ટ્રેનો વચ્ચે થયેલી ટક્કરમાં 21ના મોત અને જેમાં 73 લોકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા છે. રેલ નેટવર્ક ઓપરેટરના જણાવ્યા અનુસાર, આ ઘટના આદમુઝ શહેર નજીક બની હતી, જ્યારે એક હાઇ સ્પીડ ટ્રેન પાટા પરથી ઉતરી ત્યારે વિરુદ્ધ દિશામાં આવતી બીજી ટ્રેન તેની સામે અથડાતા અકસ્માત સર્જાયો હતો.

# CRICKET – ODI

પુરુષ ક્રિકેટમાં, ન્યુઝીલેન્ડે ઇન્દોરમાં રમાયેલી શ્રેણીની અંતિમ મેચમાં ભારતને 41 રનથી હરાવ્યું. ન્યુઝીલેન્ડે આપેલા 338 રનના લક્ષ્યનો પીછો કરતાં ભારતીય ટીમ 46 ઓવરમાં ફક્ત 296 રન જ બનાવી શક્તા ભારતનો પરાજય થયો હતો. વિરાટ કોહલીએ સદી ફટકારી હતી.

આ પહેલા, પ્રથમ બેટિંગ કરતા, ન્યુઝીલેન્ડે મેચમાં નિર્ધારિત 50 ઓવરમાં આઠ વિકેટે 337 રન બનાવ્યા હતા. આ સાથે ન્યુઝીલેન્ડે 2-1 શ્રેણી જીતી લીધી છે.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજે અખબારોમાં અલગ-અલગ સમાચારો વાંચવા મળી રહ્યા છે.
- "મહાજંગલરાજ વિરુધ્ધ સુશાસન, બંગાળનો ચૂંટણી મુદ્દો: PM મોદી" ના સમાચાર દિવ્ય ભાસ્કરે હેડલાઇનમાં પ્રકાશિત કર્યા છે.
- સંદેશ લખે છે કે, ગ્રીનલેન્ડ મુદ્દે ટ્રમ્પ ટેરિફ, EUએ તલવાર તાણી.
- ગુજરાત સમાચાર લખે છે કે, ટ્રમ્પની હિટલરશાહી સામે યુરોપના દેશોનો વિદ્રોહ.
- ફૂલછાબે લખ્યું છે કે, ગાઝા પીસ બોર્ડ માટે ભારતને આમંત્રણ.
- "ગ્રીનલેન્ડમાં ટ્રમ્પ સામે આક્રોશ, હજારો લોકો રસ્તા પર ઉતર્યા" ના સમાચાર નવગુજરાત સમયે છાપ્યા છે.
- સ્થાનિક સમાચારોમાં જોઈએ તો ગુજરાતમાં જાન્યુઆરીના અંત સુધી ઠંડી, ધુમ્મસ અને માવઠા જેવી પરિસ્થિતિ રહેશે, સુરતમાં 21 કિમી હોડી સ્પર્ધામાં ત્રણ બોટ પલટી જતાં અફરાતફરી જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.